Sahajanand LASER TECHNOLOGY LTD

# ડાયમંડ ઈન્ડસ્ટ્રીઝમાં પેટન્ટનું મહત્વ અને તેના ફાયદા

## હીરાઉદ્યોગ માટે મહત્ત્વની ટેકનોલૉજીનાં નિર્માતા સહજાનંદ લૅસર ટેકનોલૉજી લિમિટેડ પેટન્ટની બાબતમાં મોખરે રહેવા સાથે સુરક્ષાનું અભય કવચ ધરાવે છે



ઈન્ડિયન પેટન્ટ. નં. ૨૦૬૦૬૫

ડાયમંડ સીટી, સુરત.

આપણા જીવનમાં અતિઉપયોગી એવી જણસ 'કાચ' બનાવવાની ફોર્મ્યુલાના શોધકની કહાની જરા અલગ અને દુ:ખદાયક છે. અતિ દારૂણ પરિસ્થિતિ વચ્ચે ઝુંપડપટ્ટી જેવા વિસ્તારમાં નાની અમથી ખોલી જેવડા રૂમમાં તેમણે કાચ બનાવવાની ફોર્મ્યુલા શોધવા પાછળ જીંદગીના અતિ મહત્ત્વના વર્ષો હોમી દીધા. મગજનું દહીં અને શરીર અતિ કૃષ થઈ ગયું, છતાં પણ તેણે હિંમત દાખવી, શોધની દિશામાં સતત પ્રયત્નો કર્યા. અંતે તેને એક દિવસ કાચ બનાવવાની ફોર્મ્યુલા હાથ લાગી, પરંતુ તે દિવસ તેની જીંદગીનો અંતિમ દિવસ બન્યો અને તેઓ બિમારીના લીધે મૃત્યુ પામ્યા! તેમણે શોધેલી ફોર્મ્યુલા પર અન્ય ત્રાહિત વ્યક્તિએ હક જમાવી દીધો અને તેને આધારે તે વિખ્યાત અને ધનવાન બન્યો! ઉપરોક્ત ઘટનામાં ''ખેલ કરે મર્કટ અને માલ ખાય મદારી'' જેવો ઘાટ થયો, કાચની ફોર્મ્યુલા શોધનારની મહેનત એળે ગઈ ઉપરોક્ત બાબત જાણ્યા પછી કહેવાની જરૂર ખરી કે, શોધ-સંશોધનના કાર્યો સાથે સંકળાયેલાઓએ પોતાની શોધની પેન્ટન્ટ શા માટે કરાવવી જોઈએ? તથા પ્રોડક્સ પેટન્ટ કરાવવાની દિશામાં આપણા ઉદ્યોગની અતિ મહત્ત્વની કંપની સહજાનંદ લેસર ટેકનૉલૉજી પ્રાઈવેટ લિમિટેડ મોખરે છે અને સુરક્ષાનું અભય કવચ ધરાવે છે. પેટન્ટની મહત્ત્વતા અંગે કંપનીના ખૂબ ઉંચા અને ઉમદા વિચારો છે. પેટન્ટના કાયદાઓ વિશે વિગતે જાણવું રસપ્રદ થઈ પડશે.

### સહજાનંદ લેસર ટેકનોલૉજી લિ.ની કાર્યદક્ષતા અને વિઝન:

સહજાનંદ લેસર ટેકનોલૉજી લિ. એ અત્યાર સુધીમાં ૨૦૦૦થી પણ વધુ લેસર મશીન્સ અને ૪૦૦ થી પણ વધારે વિવિધ શ્રેણીઓની મશીનરી હીરાઉદ્યોગને પુરી પાડી છે. કંપની ગુજરાતમાં ગાંધીનગર, સુરત અને ચાઈના તથા જર્મનીમાં મેન્યુફેક્ચરીંગ યુનીટો ધરાવે છે. જયારે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાની મેઈન કોર્પોરેટ ઓફિસ ગાંધીનગર ખાતે ધરાવે છે. કંપનીનું વિઝન સ્વદેશી ટેકનોલૉજીવડે વિશ્વના હીરાઉદ્યોગને સમૃધ્ધ કરવાનું છે.

**પેટન્ટના કાયદા અંગેની ચેતવણી:-**

સહજાનંદ લૅસર ટેકનોલૉજી લિ. ભારતીય કંપની દ્વારા ૧૯૫૬ અંતર્ગત નોંધાયેલી છે. ગુજરાત, ભારત ખાતે કાર્યરત છે. તેઓએ નીચે દર્શાવેલા ઉત્પાદનો અને સંશોધનો પરના સર્વ હક્કો પ્રયત્ન કરેલ છે.

| | |
|---|---|
| ૧. નોવેલ લેસર ડાયમંડ સોઈંગ મશીન | પે. નં. ૨૦૬૦૬૫ |
| ૨. નોવેલ લેસર પ્લાનીંગ, એક્ષામિનેશમ અને માર્કિંગ મશીન | પે. નં. ૨૦૭૦૧૧ |
| ૩. લેસર બ્રુટીંગ મશીન. | પે. નં. ૨૦૭૧૩૦ |
| ૪. નોવેલ બ્લૉકીંગ મશીન ફોર ફેસેટીંગ બોટમ ઓફ ડાયમંડ | પે. નં. ૨૦૫૧૭૨ |
| ૫. ટ્વીન સાઈડ લેસર રેઝોનેટર | પે. નં. ૨૦૭૫૭૫ |

અમો ઉપરોક્ત ઈન્ડિયન પેટન્ટના એક માત્ર માલિક છીએ. પેટન્ટ એકર ૧૯૭૦ અંતર્ગત તેની ડીઝાઈન કાર્યશૈલી અને બધા હક્કો પ્રાપ્ત કર્યા છે. અને તેના બધા હક્કો સહજાનંદ લેસર ટેક્નોલૉજી લિ. ને આધિન છે.

ઉપરોક્ત દર્શાવેલી પેટન્ટના પૂન:નિમાર્ણ,કે ઉત્પાદન કે પ્રતિ આવૃતિ બનાવવા માટે સર્વ હક્કો અને લાયસન્સ ધરાવીએ છીએ અને એમ કરવામાં સહજાનંદ લેસર ટેક્નોલૉજી પ્રા.લિ. ની મંજુરી લેખિતમાં લેવાની રહેશે. નકલ કરવી એ અમારા પેટન્ટના હક્કોના ઉલ્લંઘન કરવા બરાબર છે અને અમે એવી વ્યક્તિ વિરૂધ્ધ દિવાની કે ફોજદારી કાર્યવાહી કરી શકીએ છીએ અને તેમને બધાજ નુકસાન માટે જવાબદાર ગણવામાં આવશે.

**પેટન્ટ એટલે શું?**

પેટન્ટ એટલે સરકાર દ્વારા આપવામાં આવેલી એવી મંજુરી અને બાંહેધરી છે. જેમાં નવી શોધનો આવિષ્કાર કરનાર, વ્યક્તિ, વ્યક્તિનો સમુહ કે સંસ્થા અથવા કંપનીને તે શોધનો ભોગવટો કરવાના હક આપે છે. જયારે એ સિવાયની અન્ય વ્યક્તિ, સંસ્થા કે કંપની આ પેટન્ટ થયેલી શોધના અનુસંધાનને લગતું કે તેના જેવું અન્ય નિર્માણ કરી શકે નહીં.

**પેટન્ટની જરૂરીયાત શું છે?**

પેટન્ટનો કાયદો શોધકને રક્ષણ આપે છે. શોધક દ્વારા થયેલી શોધ પેટન્ટ થયા બાદ અન્ય કોઈ ત્રાહિત વ્યક્તિ, સંસ્થા કે કંપની તેનો ગેરલાભ ઉઠાવી શકે નહીં. ઉપરોકત કાયદો જોતા મહત્ત્વની શોધ કરનાર તમામ માટે પેટન્ટનું મૂલ્ય કંપનીના અસ્તિત્ત્વની બરોબરનું છે.

**પેટન્ટ આર એન્ડ ડીનું રક્ષણ કરવામાં કેવી રીતે મદદગાર થાય છે?**

કોઈ વ્યક્તિ, સંસ્થા કે કંપની દ્વારા આવિષ્કાર થયેલી શોધની પેટન્ટ થયા



ઈન્ડિયન પેટન્ટ. નં. ૨૦૫૧૭૨

બાદ અન્ય વ્યક્તિ દ્વારા તેનો ગેરલાભ ઉઠાવાય, એવા સંજોગોમાં આ કાયદો મદદે આવે છે અને ગેરલાભ ઉઠાવનાર હરિફ કંપની સામે આ કાયદાનું શસ્ત્ર ઉગામી શકાય છે. આ પેટન્ટના કાયદાનો ભંગ કરનારને જેલની સજાની પણ જોગવાઈ છે.

**આર એન્ડ ડીને બૌધ્ધિક સંપદા અધિકાર (IPR)થી કેવી રીતે બચાવી શકાય?**

અનેક વર્ષો સુધી લાંબી મથામણ બાદ ભેજાનું દહીં કર્યા પછી અને કિંમતી સમય તથા ધનનો વ્યય કર્યા બાદ હાથ લાગેલા 'જાદુઈ ચિરાગ' સમી શોધ એ બૌધ્ધિક સંપદાનો ભાગ છે. આ બૌધ્ધિક સંપત્તિનો અન્ય લોકો પોતાના અગંત હિત ખાતર ઉપયોગ કરે તેને અટકાવવા માટેનો આ કાયદો રીસર્ચ અને ડેવલપમેન્ટ ક્ષેત્ર સાથે સંકળાયેલા માટે ખાસ મહત્ત્વનો છે.

**હીરાઉદ્યોગમાં પેટન્ટનું મહત્ત્વ અને તેના ફાયદા શું છે?**

હીરાઉદ્યોગને લાગેવળગે છે, ત્યાં, સુધી ઉપરોક્ત કાયદો તેમના માટે ખુબ જ મહત્ત્વનો છે. આ કાયદાનાં અમલીકરણથી આર એન્ડ ડી સાથે સંકળાયેલાઓ તથા તેનો ઉપયોગ કરનાર એમ બન્ને માટે પરસ્પર લાભદાયી છે. ટેકનોલૉજીકારો લાખો રૂપિયા અને સમયની બરબાદી બાદ મળેલી સફળતાનો વ્યાપારીક રીતે લાભ મેળવી શકે છે. જયારે યુઝર્સને નવી નવી ઓરિજિનલ શ્રેષ્ઠ ટેકનૉલૉજી મળે છે.

**સહજાનંદ લૅસર ટેકનૉલૉજી લિ.ની પ્રોડકટસ અને તેની પેટન્ટ:**

સહજાનંદ લૅસર ટેકનૉલૉજી લિ. ટેકનૉલૉજી ક્ષેત્રમાં નવી નવી ટેકનૉલૉજી આપવા માત્રમાં અવ્વલ નથી. પરંતુ, કંઈક વિશિષ્ટ અને નવું અપનાવવામાં પણ બેજોડ છે. સહજાનંદ લેસર ટેકનૉલૉજી લિ. લેસર વિશ્વમાં ભારતની અગ્રણી કંપની છે. કંપની દ્વારા વિશાળ ક્ષેત્રમાં ઔદ્યોગિક ઉપયોગમાં લઈ શકાય તેવી વિવિધ લૅસર આધારિત સિસ્ટમો શોધી કાઢવામાં આવી છે. જેમાં લેસર કટિંગ, માર્કિંગ, વેલ્ડીંગ, માઈક્રોમશીનીંગ, સોલરસેલ સ્કાવિંગ, કટિંગ સહિત વિવિધ ડાયમંડ પ્રોસેસીંગનો સમાવેશ થાય છે.



ઈન્ડિયન પેટન્ટ. નં. ૨૦૭૦૧૧

> ભારત ઉપરાંત ચીન, યુરોપિયન યુનિયન, રશિયા, યુએસએ, જર્મની અને ઈઝરાયેલ આ દેશોમાં પણ સહજાનંદ લેસર ટેકનોલૉજી તેમની પેટન્ટ ધરાવે છે. : પેટન્ટનો કાયદો શોધકને રક્ષણ આપે છે. શોધક દ્વારા થયેલી શોધ પેટન્ટ થયા બાદ અન્ય કોઈ ત્રાહિત વ્યક્તિ, સંસ્થા કે કંપની તેનો ગેરલાભ ઉઠાવી શકે નહીં.

સહજાનંદ લેસર ટેકનૉલૉજી લિમિટેડ એ સૌ પ્રથમ ભારતીય ડાયમંડ ઉદ્યોગને હાઈટેક લેસર ટેક્નૉલોજીથી માહિતગાર કર્યા. રાષ્ટ્રીય જ નહીં, આંતરરાષ્ટ્રીય ધોરણે તેઓ ડાયમંડ ઉદ્યોગમાં સૌથી મોટા સીએનજી લેસર મશીનનાં ઉત્પાદક બન્યા. સહજાનંદ લેસર ટેકનૉલૉજી લિમિટેડના એમ.ડી. શ્રી અરવિંદભાઈ લવજીભાઈ પટેલ જેઓ સહજાનંદ લેસર ટેકનૉલૉજી લિમિટેડના પાર્ટનર પણ છે. તેઓએ પોતાની બુદ્ધિ અને કૌશલ્યથી ભારતીય ડાયમંડ ઉદ્યોગને લેસર ટેક્નૉલૉજીથી માહિતગાર કરી તેને આધારિત વિવિધ મશીનો શોધી કાઢયા છે.જેમાં,

૧. લેસર મશીન ફોર એકઝામિંગ, પ્લાનીંગ અને માર્કિંગ રો ડાયમંડ (પેટન્ટ નં - ૨૦૭૦૧૧)

૨. લેસર બ્રુટિંગ મશીન (પેટન્ટ નં ૨૦૭૧૩૦)

૩. ધ નોવેલ લેસર ડાયમંડ બ્લોકીંગ મશીન ફોર ફિકેટીંગ બોટમ ઓફ ડાયમંડ (પેટન્ટ નં ૨૦૫૧૭૨)

૪. ધ નોવેલ લેસર ડાયમંડ સૉઈંગ મશીન(પેટન્ટ નં ૨૦૬૦૬૫)

૫. ટ્વીન સાઈટ લેસર રેઝોનેટર (પેટન્ટ નં ૨૦૭૫૭૫) છે.

સહજાનંદ લેસર ટેકનૉલૉજી લિમિટેડ એ ઉપરોક્ત પ્રોડક્ટસ માટે ભારત



ઈન્ડિયન પેટન્ટ. નં. ૨૦૭૧૩૦

સરકારના કંટ્રોલર જનરલ ઓફ પેટન્ટ વિભાગ દ્વારા પેટન્ટ રજીસ્ટર કરાવી ઉપરોક્ત મશીન માટે એકાધિકારના હક્કો મેળવ્યા છે. આ હકો માત્ર ભારતમાં જ નહીં, પરંતુ ભારત, ચીન, યુરોપિયન યુનિયન, રશિયા, યુએસએ, જર્મની અને ઈઝરાયેલ આ દેશોમાં પણ સહજાનંદ લેસર ટેકનૉલૉજી તેમની પેટન્ટ ધરાવે છે.

ભારતીય અને વિદેશી પેટન્ટનાં કાયદા અનુસાર સહજાનંદ લેસર ટેકનૉલૉજી લિમિટેડ ઉપરોક્ત મશીનના ઉત્પાદન, વેચાણ અને માર્કેટિંગનો એકાધિકાર ધરાવે છે. જો કોઈ વ્યક્તિ અથવા કંપની કે તેનો કોઈ ભાગ ઉપરોક્ત રજીસ્ટ્રાર પેટન્ટનો સંદર્ભમાં જાણતાં કે અજાણતાં પેટન્ટના કાયદાનો ભંગ કરે તો સહજાનંદ લેસર ટેકનૉલૉજી લિમિટેડ તેમના વિરૂદ્ધમાં કાયદેસરના પગલાંઓ પણ ભરી શકે છે.

**સહજાનંદ લેસર ટેકનોલૉજી નું હીરા ઉધોગમાં યોગદાન**

સહજાનંદ લેસર ટેકનૉલૉજી એ સૌ પ્રથમ ભારતીય ડાયમંડ ઉદ્યોગને હાઈટેક લેસર ટેકનૉલૉજીથી માહિતગાર કર્યા છે. રાષ્ટ્રીય નહીં, પરંતુ આતરરાષ્ટ્રીય ક્ષેત્રે તેઓ ડાયમંડ ઉદ્યોગમાં સૌથી મોટા CNC લેસર મશીનના ઉત્પાદક બન્યા અને તેની વિવિધ પ્રોડક્ટસ દ્વારા હીરા ઉદ્યોગને ખુબ જ વેગ મળ્યો છે. આપણી હીરા ઉદ્યોગ માટે સહજાનંદ લેસર ટેકનૉલૉજીનું યોગદાન બેજોડ છે અને હજું પણ સતત નવા મશીનો અને ટેકનૉલૉજીની શોધની દીશામાં કંપની અવિરતપણે આગળ વધી રહી છે.

**સહજાનંદ લેસર ટેકનોલૉજી લિ. સમગ્ર વિશ્વમાં પથરાયેલી છે.**

સહજાનંદ લેસર ટેકનૉલૉજી ભારતીય કંપની છે. ભારતીય હીરા ઉદ્યોગમાં બેજોડ યોગદાન દ્વારા છવાયેલી સહજાનંદ લેસર ટેકનૉલૉજી પ્રા.લિ. વિશ્વમાં પણ પથરાયેલી છે. અમેરિકા, U.K. ચાઈના, જર્મની, સહિત વિશ્વના અનેક દેશોમાં તે વ્યાપારિક થાણાંઓ ધરાવે છે.

**સહજાનંદ લેસર ટેકનોલૉજી લિ.ની કાર્યદક્ષતા અને વિઝન:**

સહજાનંદ લેસર ટેકનૉલૉજી લિ.એ અત્યાર સુધીમાં ૨૦૦૦થી પણ વધુ લેસર મશીન્સ અને ૨૦ થી પણ વધારે વિવિધ શ્રેણીઓની મશીનરી હીરાઉદ્યોગને પુરી પાડી છે. કંપનીમાં ૪૫૦થી પણ વધારે માણસો કાર્યરત છે. કંપની ગુજરાતમાં ગાંધીનગર, સુરત અને ચાઈના તથા જર્મનીમાં મૅન્યુફૅક્ચરીંગ યુનીટો ધરાવે છે. જયારે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાની મેઈન કોર્પોરેટ ઓફિસ ગાંધીનગર ખાતે ધરાવે છે. કંપનીનું વિઝન સ્વદેશી ટેકનૉલૉજી વડે વિશ્વના હીરાઉદ્યોગને સમૃધ્ધ કરવાનું છે. ★